નવી બાબત (વર્ષ ૨૦૨૧-૨૨)

રાજયના ૭ જિલ્લાઓમાં ટેક હોમ રેશનનું મૂલ્યવર્ધન કરી બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને બાલશક્તિ પ્લસ, માતૃશક્તિ પ્લસ (રસાયણ ચૂર્ણ), અને માતૃશક્તિ પ્લસ (કાટલું) વિતરણ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૧/૯૮/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૪/૨૦૨૧

**//આમુખ//**

રાજ્યમાં આઈસીડીએસ યોજના અંતર્ગત બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને હાલમાં અપાતું ટેક હોમ રાશન (THR) કેલેરી, પ્રોટીન અને સુક્ષ્મ પોષક તત્વોથી સભર છે. બાળકો માટે બાલશક્તિ (THR) અને સગર્ભા તેમજ ધાત્રી માતાઓ માટે માતૃશક્તિ (THR) આપવામાં આવે છે. હાલ આપવામાં આવતા આ ટેક હોમ રેશન (THR)માં આયુર્વેદિક ઔષધિઓ ઉમેરીને ટેક હોમ રેશનનું મૂલ્યવર્ધન કરવામાં આવે તો પોષણની સાથે આરોગ્ય સુધારવામાં પણ મદદ મળી શકે તેમ છે. આથી રાજ્યના સાત જિલ્લાઓમાં નિયામકશ્રી (આયુષ) તેમજ રાજ્યની આયુર્વેદ યુનિવર્સિટીના તજજ્ઞોના પરામર્શમાં રહીને નીચે દર્શાવ્યા અનુસાર મુલ્યવર્ધિત ટેક હોમ રેશનનુ વિતરણ કરવાની બાબત વિચારણા હેઠળ છે:

A. બાલશક્તિ પ્લસ

બાળકોને આપવામાં આવતા બાલશક્તિ (THR)ના ઉત્પાદન દરમિયાન ત્રિકટુ અને વિડંગ નામની આયુર્વેદિક ઔષધિઓ ઉમેરવાથી બનતા બાલશક્તિ પ્લસથી બાળકોની ભુખમાં વધારો થશે, પાચન તેમજ ન્યુટ્રીયન્ટ શોષણ પ્રક્રિયામાં સુધારો થશે અને કૃમિનો નાશ થશે. જેથી બાળકોના પોષણ સ્તરમાં સુધારો થશે તેમજ આની અસર બાળકના સર્વાંગી વિકાસ પર થશે.

B. માતૃશક્તિ પ્લસ (રસાયણ ચૂર્ણ)

સગર્ભા અને ધાત્રી માતાઓને આપવામાં આવતા માતૃશક્તિ (THR)માં અન્ય કોઈ ફેરફાર કર્યા સિવાય રસાયણ ચૂર્ણ નામની આયુર્વેદિક ઔષધિ ઉમેરવાથી લાભાર્થીઓની

ભુખમાં વધારો થશે, શરીરમાં ન્યુટ્રીયન્ટ શોષણની પ્રક્રિયામાં સુધારો થશે. જેથી સગર્ભા અને ધાત્રી અવસ્થા દરમિયાન થતી પોષણ અને આરોગ્યની તકલીફોમાં ઘટાડો થશે.

C. <u>માતૃશક્તિ પ્લસ (કાટલું)</u>

ધાત્રી માતાને પોતાનું અને પોતાના નવજાત શિશુના પોષણ માટે વધુ ખોરાકની જરૂરીયાત હોય છે. જે ધ્યાને લઈને ગુજરાતમાં પરંપરાગત રીતે ધાત્રી માતાઓ માટે બનાવવામાં આવતા કાટલુંને ધ્યાને લઈને માતૃશક્તિના ઉત્પાદન દરમિયાન કાટલું પાઉડર ઉમેરવામાં આવશે. માતૃશક્તિ પ્લસ (કાટલું)ના દૈનિક સેવનથી ધાત્રી માતાઓની તંદુરસ્તી તેમજ રોગપ્રતિકારક શક્તિમાં વધારો થશે અને નવજાત શિશુ માટે બનતા ધાવણની માત્રામાં તેમજ અન્ય જરૂરી પોષક તત્વોના પ્રમાણમાં પણ વધારો થશે.

આમ, વર્ષ ૨૦૨૧-૨૨ની બજેટ જોગવાઇમાં નવી બાબત તરીકે રાજયના ૭ જિલ્લાઓ (નર્મદા, દાહોદ, ભાવનગર (રૂરલ), ભાવનગર (અર્બન), ડાંગ, દેવભૂમિ દ્વારકા અને જામનગર) માં ૩-૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ માટે ટેક હોમ રેશનનું મૂલ્યવર્ધન કરીને બાલશક્તિ પ્લસ, માતૃશક્તિ પ્લસ (રસાયણ ચૂર્ણ) અને માતૃશક્તિ પ્લસ (કાટલું) આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## <u>//ઠરાવ//</u>

રાજયના ૭ જિલ્લાઓ (નર્મદા, દાહોદ, ભાવનગર (રૂરલ), ભાવનગર (અર્બન), ડાંગ, દેવભૂમિ દ્વારકા અને જામનગર) માં ૩-૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ માટે ટેક હોમ રેશનનું મૂલ્યવર્ધન કરી બાલશક્તિ પ્લસ, માતૃશક્તિ પ્લસ (રસાયણ ચૂર્ણ) અને માતૃશક્તિ પ્લસ (કાટલું) આપવા માટે રૂ. ૯૪૯.૨૪ લાખની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતે ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ પોષણ ખાધ અને પીણાંની વહેંચણી |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૨ એન.ટી.આર.(૨) સંકલિત બાળ વિકાસ યોજના |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૯/૦૪/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)

ઉપસચિવ

મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............

(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............

(૧૪) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........

(૧૬) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ..........

(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

(૧૮) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.

(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૨૦) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર.

(૨૧) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ................

(૨૨) સિસ્ટમ મેનેજરશ્રી, મ.બા.વિ.- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૩) સિલેક્ટ ફાઇલ